# અરવલ્લી-સાબરકાંઠા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર

## ઈડરનું સૌથી વધુ ૮૦ ટકા, ભિલોડાનું સૌથી ઓછુ ૩૪.૭૫ ટકા પરિણામ : અરવલ્લી જિલ્લામાં કે.એન. શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય ક્રમે : એ-૧ ગ્રેડ ફક્ત ૨ વિદ્યાર્થીઓ મેળવવામાં સફળ

મોડાસા, તા. ૧૮

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના મંગળવારે સાંજના જાહેર થયેલા પરિણામમાં સાબરકાંઠા જિલ્લાનું ૬૯.૬૯ અને અરવલ્લી જિલ્લાનું ૬૫.૨૧ ટકા આવ્યુ હતુ. સાબરકાંઠા જિલ્લામાં ઈડરનું સૌથી પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતા શાળા પરિવાર અને મોડાસા શહેરમાં આનંદની લાગણી પ્રસરી હતી. એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર બન્ને વિદ્યાર્થીઓએ ડૉક્ટર તરીકે કારકિર્દી બનાવી જરૂરીયાતમંદ લોકોની સેવા કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અરવલ્લી જિલ્લાના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલ પરિણામમાં



વધુ ૮૦.૯૫ ટકા તો અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાનુ સૌથી ઓછુ ૩૪.૭૫ ટકા પરિણામ આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં એક પણ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ પ્રાપ્ત થયો ન હતો. જ્યારે અરવલ્લી જિલ્લમાં શિક્ષણ નગરી તરીકે જાણીતા મોડાસા શહેરની કે.એન. શાહ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવ્યો હતો.

ચાલુ વર્ષે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૧૨ ટકા જેટલો પરિણામાં ઘટાડો નોંધાયો છે. હિંમતનગર કેન્દ્રનું ૭૦.૮૦ ટકા વડાલી કેન્દ્રનું ૬૪.૮૬ ટકા અને બન્ને જિલ્લામાં અગ્રેસર ઈડર કેન્દ્રનું ૮૦.૯૫ ટકા પરિણામ મેળવનાર કેન્દ્ર બની ગયું છે. અરવલ્લી જિલ્લામાં શિક્ષણ નગરી તરીકે જાણીતા મોડાસા શહેરની કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના ભુમિલ રમેશભાઈ પટેલે ૯૭ ટકા માર્કસ સાથે જ્યારે કુજન નરેન્દ્રભાઈ પટેલે ૯૫.૬૬ ટકા માર્કસ સાથે એ-૧ ગ્રેડ મેળવી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સંયુક્ત જિલ્લાના નોંધાયેલ ૬૫.૨૧ ટકા પરિણામ સામે મોડાસા કેન્દ્રનું પરિણામ ૬૯.૨૩ ટકા જ્યારે ભીલોડા કેન્દ્રનું સૌથી ઓછુ પરિણામ ૩૪.૭૩ ટકા નોંધાયું હતું. જિલ્લામાં નોંધાયેલ ૨૯૯૦ પરીક્ષાર્થીઓ પૈકી ૨૮૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૧૮૪૮ વિદ્યાર્થીઓ પરીક્ષા પાસ કરવામાં સફળ નિવડ્યા હતા. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલા પરિણામ બાદ કહિ ખુશી કહિ ગમ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મંગળવાર સાંજે જાહેર થયેલા વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ૧૧ વિદ્યાર્થીઓના પરિણામ મોકુફ રખાયા હતા. સી.સી. ટી.ટીવી અને ટેબ્લેટ કુટેજના આધારે જિલ્લા શિક્ષણ અધિકારી અને બોર્ડના અધિકૃત અધિકારીઓ દ્વારા નક્કી કરાયેલા ગેરરીતિના કેસમાં સાબરકાંઠા જિલ્લાના ૫ અને અરવલ્લી જિલ્લાના ૬ મળી કુલ ૧૧ વિદ્યાર્થીઓના પરિણામ બોર્ડ દ્વારા મોકુફ રાખાયા હતા.

# કોંગ્રેસના નેતાઓ હવે તો ગુજરાતને ટાર્ગેટ કરવાનુ છોડે : ભાજપ

ગાંધીનગર, તા. ૧૮

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે કોંગ્રેસના કૌભાંડો ખુલે છે ત્યારે ત્યારે કોંગ્રેસના આગેવાનો ગુજરાતને ટાર્ગેટ કરે છે. ભાજપ અને નરેન્દ્ર મોદીને ટાર્ગેટ કરે છે અને હવે તો કેન્દ્રની કોંગ્રેસ ગુજરાતની કોંગ્રેસને સૂચના આપી છે કે ભાજપ સામે આક્રમક કાર્યક્રમ કરીને ૨૦૦૦ ફોટાઓ મોકલો તેમ કહીને ગુજરાત કોંગ્રેસને ટાર્ગેટ કરે છે.

આજે જયરામ રમેશજી એસજી (સોનીયા ગાંધી) અને આરજી (રાહુલ ગાંધી)ની સૂચનાથી કેજી મુદ્દો ઉઠાવવા આવ્યા છે પણ આ એમજી (મહાત્મા ગાંધી)નું ગુજરાત છે. કોંગ્રેસના જુઠ્ઠાણાને કોઈ સ્થાન નથી. જીએસપીસીના ભ્રષ્ટાચારના આક્ષેપને ભાજપ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

કોંગ્રેસ ગમે તેટલા નેતાઓ ગુજરાતમાં આવે અને ભાજપ સામે જુઠ્ઠાણાઓ ફેલાવે પણ ગુજરાતની જનતા ક્યારેય સ્વીકારતી નથી. ગુજરાતની જનતા જનાર્દન કોંગ્રેસને સારી જાણે છે.

શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું કે, શંકરસિંહજી વાઘેલા ગુજરાતના દિગ્ગજ નેતા છે. કોંગ્રેસના દિગ્ગીરાજા દિગ્વીજયસિંહના ખાસ મિત્ર છે. વારંવાર નિવેદનો બદલાતાં રહે છે. વિવાદીત નિવેદનો અને ભવિષ્યવાણી કરતાં રહે છે.

અગાઉ પણ નરેન્દ્રભાઈ મોદી સી.એમ. નહી બને, ભાજપ સત્તામાં નહી આવે તેવી ભવિષ્યવાણીઓ કરેલી પણ જનતાવાણી અને જનમતે ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨માં નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વમાં ભાજપની સરકાર બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત મોડેલ પર દરેક ગુજરાતીને ગર્વ હતો અને તેના ઉપર કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપને સત્તા મળી.

પહેલાં કહે 'સી.એમ.ને હટાવાશે' પછી કહે 'નહીં હટાવાય', હવે કહે છે કે 'ચૂંટણી વહેલી આવશે' તેવી ભવિષ્યવાણી કરી છે. પણ અમે સ્પષ્ટપણે કહીએ છીએ કે નિર્ધારીત સમયે એટલે કે ડિસેમ્બર ૨૦૧૭માં જ ચૂંટણી આવશે અને તેમાં ભાજપનો ભવ્ય વિજય થશે.

# ડીસાના ડાવસ ગામે ધાર્મિક કાર્યક્રમમાં ભમરાનો આતંક : ૧૧ લોકો પીડિત

ડીસા, તા. ૧૮

બનાસકાંઠાના ડીસા તાલુકાના ડાવસ ગામે ઝેરી ભમરા લોકોને કરડવાની ઘટના પ્રકાશમાં આવેલ છે. જેમાં એક ધાર્મિક પ્રસંગે હાજર લોકોના સમૂહને આ ભમરાઓએ નિશાન બનાવી ડંખ મારતા ૧૧ જેટલા લોકો પીડિત બન્યા હતા. જેમને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયેલ છે.

ગરમીના પ્રકોપ વચ્ચે આજે બનાસકાંઠાના ડીસા તાલુકાના ડાવસ ગામે નાઈ સમાજના લોકોનો એક રમેલનો ધાર્મિક કાર્યક્રમ રખાયો હતો. ડાવસ ગામે હમીરભાઈ નાઈના ખેતરમાં રખાયેલ આ રમેલ કાર્યક્રમમાં લોકો મોટી સંખ્યામાં હાજર હતા. તેવા જ સમયે અગમ્ય કારણોસર અહી એક ભમરાનું ઝુંડ લોકો પર તુટી પડ્યુ હતુ. અચાનક ભમરાઓનો આ સામુહિક હૂમલો લોકો માટે અસહ્ય પીડાદાયક અને દુ:ખદાયક બનતા લોકોમાં નાસભાગ સાથે પીડાની ચિચિયારીઓ ઉઠી હતી. જેમાં એક વૃદ્ધ મહિલા સહીત ૧૧ જેટલા લોકોને શરીરના વિવિધ ભાગો પર ભમરાઓએ સામુહિક રીતે ઝેરી ડંખ મારતા લોકોની આંખો અને મોઢા સુજી ગયા હતા. જેમાં બે બાળકો પણ હતા. જો કે તે બાદ તમામને ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમની સારવાર તબીબોએ હાથ ધરી હતી. જેમાં હંસાબેન પરથીભાઈ નાઈની હાલત ગંભીર છે.

### રૌદ્ર સ્વરૂપ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુરેન્દ્રનગરમાં ૪૭.૮, કંડલા એરપોર્ટમાં ૪૮.૪નો સમાવેશ થાય છે. હિટવેવની ચેતવણી યથાવતરીતે રાખવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી હિટવેવની સ્થિતિ યથાવત રહી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૬.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૩૦.૨ ડિગ્રી નોંધાયું હતું જ્યારે કંડલા એરપોર્ટ ખાતે રેકોર્ડ ૪૮.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગરમીના કારણે લોકો હવે બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. બપોરના ગાળામાં રસ્તા સુમસામ બની રહ્યા છે. ગરમીથી બચવા માટે તંત્ર દ્વારા પણ જરૂરી આદેશો જારી કરાયા છે જે પૈકી વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા કહેવામાં આવ્યું છે. જ્યારે લાંબા સમય સુધી તડકામાં ન રહેવા, સુતરાઉ કપડા પહેરવા, ઠંડકવાળા સ્થળો ઉપર સમયાંતરે આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. બીજી બાજુ નાના બાળકો, વૃદ્ધો-સગર્ભા મહિલાઓની કાળજી લેવા માટે કહેવામાં આવ્યું છે. હિટસ્ટ્રોકના લક્ષણો દેખાય તો તરત જ તબીબોનો સંપર્ક કરવા પણ સૂચના આપવામાં આવી છે. આજે હિટવેવ વચ્ચે ચારના મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. પારો એકંદરે ઉપર જઈ રહ્યો છે. બપોરના ગાળામાં રસ્તા પર લોકો દેખાઈ રહ્યા નથી. અમદાવાદમાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક્શન પ્લાન અમલમાં મુકાયો છે. હિટ એક્શન પ્લાન હેઠળ જુદા જુદા વિસ્તારોમાં વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગરમીના કારણે ચારના મોતથી તંત્ર હચમચી ઉઠ્યું છે. આગામી પાંચ દિવસ સુધી ગરમીથી કોઈ મોટી રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી.



પૂજન અને સ્નાન : રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે બુધવારે સવારે સિંહસ્થ કુંભમેળામાં ઉજ્જેન ખાતે સિપ્રા નદીના કિનારે પૂજન વિધિ કરી હતી અને ત્યારબાદ પવિત્ર સ્નાનનો લાભ લીધો હતો. દેશના મોટાભાગના રાજકીય આગેવાનો સિંહસ્થ કુંભમેળાના પવિત્ર સ્નાનનો લાભ લીધાના અહેવાલો અખબારોમાં રોજેરોજ પ્રસિદ્ધ થાય છે. ગુજરાતના મુખ્યમંત્રીએ પણ રાજ્યની ગતિ-પ્રગતિ માટે પ્રાર્થના સાથે પૂજનવિધિ કરી હતી.

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીના અભિનંદન

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં સફળતા મેળવનારા રાજ્યના ૧ લાખ ૬ હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને તેમની સફળતાના હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા છે. આ પરીક્ષામાં કુલ ૧ લાખ ૩૪ હજાર ૫૯૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમાંથી ૧ લાખ ૬ હજાર ૩૭૨ વિદ્યાર્થીઓ સફળતાને વરતા ૭૯.૦૩ ટકા પરિણામ જાહેર થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને ઉચ્ચત્તમ-ઉજ્જવળ કારકિર્દીના આશીર્વાદ પાઠવ્યા છે.

તેમણે આ યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, શૈક્ષણિક યાત્રાનો એક મહત્વનો પડાવ પાર કરીને હવે ઉચ્ચશિક્ષણ તરફ ડગ માંડી રહેલા યુવાઓ માટે રાજ્ય સરકારે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકના માધ્યમથી તેમના માટે ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમોની માહિતી ઘેર બેઠાં પુરી પાડી છે.

તદ્ઉપરાંત, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના પણ ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય પુરી પાડતી ઉત્તમ યુવાલક્ષી યોજના છે તેનો પણ વ્યાપક લાભ લઈ ઉચ્ચશિક્ષણ-વ્યવસાયિક શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી ઘડીને રાજ્ય-રાષ્ટ્રની સેવામાં, વિકાસમાં, યોગદાન આપવાનું પ્રેરક આહવાન કર્યુ છે.

શ્રીમતી આનંદીબહેને આ પરીક્ષાઓમાં જેમને સફળતા પ્રાપ્ત નથી થઈ તેવા યુવા વિદ્યાર્થીઓને પણ હતાશા-નિરાશા ખંખેરીને અદમ્ય જોશ, બમણાં પ્રયાસો અને સખત મહેનતથી સફળતાની સીડી પાર કરવા પુનઃ પ્રયત્નો માટેનો ઉત્સાહ પ્રેરણા આપ્યા છે.

મુખ્યમંત્રીએ આ પરીક્ષાઓ સાથે જ મેડીકલ વિદ્યાશાખામાં પ્રવેશ માટેની ગુજકેટ પરીક્ષામાં સફળતાને વરેલા યુવા વિદ્યાર્થીઓને પણ તબીબી શિક્ષણ મેળવી સફળ ચિકિત્સક તરીકે સમાજના જરૂરતમંદોને આરોગ્ય રક્ષા પુરી પાડવાનું ભાવિ દાયિત્વ નિભાવવા સંકલ્પબદ્ધ થવા સાથે સફળતાની શુભેચ્છાઓ પાઠવી છે.

# વીસ હજાર કરોડના કૌભાંડના પાનાઓ ખુલી રહ્યા છે : જયરામ રમેશ

અમદાવાદ, તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીયમંત્રી જયરામ રમેશે આજે કહ્યું હતું કે, ૨૦હજાર કરોડના કૌભાંડના પાના ખુલી રહ્યા છે. મોદી સરકાર ઉપર રમેશે આજે કોંગ્રેસ ઓફિસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રમેશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધા અને આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, ગુજરાતમાં જ્યારે મોદી મુખ્યપ્રધાન હતા, ત્યારે વર્ષ ૨૦૦૫માં તેમણે કહ્યું હતું કે, કેજી બેસીનમાં ૨૦ ટ્રીલીયન ક્યુબીક ફીટ ગેસનો ભંડાર મળ્યો છે. જે દેશનો સૌથી મોટો ભંડાર છે અને હવે ગુજરાતમાં નળમાંથી પાણી નહીં પણ તેલ નીકળશે. જ્યારે હકીકતમાં કેજી બેસીનમાં માત્ર ૧ લાખ કરોડ ક્યુબીક ફીટ ગેસ હતો. જીએસપીસી દ્વારા ગેસ ડ્રીલીંગ માટે ગંજી અને અંડરવેર બનાવવાની કંપનીને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો હતો. તેમણે આ સંદર્ભે વિસ્તારથી કહ્યું કે, ૨જીના કેગ રિપોર્ટમાં નુકસાનને અનુમાનીત નુકશાન કહેવામાં આવ્યું હોવા છતાં તે બાબતને મુદ્દો બનાવી મોદી સત્તામાં આવ્યા અને હાલ જ્યારે જીપીએસસીના કૌભાંડમાં સીએજીના રિપોર્ટમાં રૂ. ૨૦હજાર કરોડના નુકસાન બતાવાયુ છે. જે અતિ ગંભીર બાબત છે. ૩૧ માર્ચ ૨૦૧૫માં સીએજીના ૪૦ પેજના રિપોર્ટમાં દિનદયાલ બ્લોકમાં ત્રણ કંપનીઓ હતી. જીએસપીસી, રિલાયન્સ અને ઓએનજીસીને ૧૫ વિવિધ બેન્કો દ્વારા રૂ. ૧૯,૭૦૦ કરોડ આપવામાં આવ્યા, જેનું વાર્ષિક વ્યાજ રૂ. ૧૮૦૦ કરોડ છે. જેની સામે જીએસપીસીની વાર્ષિક આવક માત્ર રૂ. ૮૨ કરોડ છે. તેમણે કહ્યું કે એક તરફ વિજય માલ્યા, લલીત વાયબ્રન્ટમાં પણ ભાગ લેતા હતા. અદાણીની નજર ન હોય તેમ બની ન શકે. તેમણે નરેન્દ્ર મોદીને ગગની બિહારી તરીકે ઉલ્લેખતાં કહ્યું કે, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત, રૂસ વગેરે દેશોના ૧૧ બ્લોક આપવામાં આવ્યા હતા, જેમાંથી ૧૦ બોગસ નીકળ્યા



મોદી જેવા દેવાદારોને ભાજપે બહાર મોકલી દીધા, ત્યાં વધુ એક વાર જીએસપીસીનું કૌભાંડ સામે આવ્યું છે. જીએસપીસીએ બે કોન્ટ્રાક્ટ આપ્યા હતા. જેમાં પ્રથમ અન્ડરવેર અને બનયાન બનાવતી કંપની ટફ ડ્રીલીંગ કંપનીને વર્ષ ૨૦૦૬માં બનાવાઈ અને ગેસ ડ્રીલીંગ કરવાની કામગીરી અપાઈ હતી. બીજી કંપનીમાં તો માત્ર બે જ લોકો કામ કરે છે તેવી છે બારબેડોસની એ કંપની જીઓ ગ્લોબલ રિસોર્સીસ નામની કંપની ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ થકી શેર વેચ્યા ત્યારે તેનો ભાવ માત્ર ૬ સેન્ટ હતો. મોદીના વ્હાલાઓ હતા, તેઓ તેમની સાથે રશિયા જતાં, છે. હવે જીએસપીસી ને બચાવવા માટે ધર્મેન્દ્ર પ્રધાન, નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા ઓએનજીસી પર દબાણ કરવામાં આવી રહ્યું છે કે તે જીએસપીસીનો ૫૦ ટકા ભાગ લઈ લે, જોકે હજુ તેના બોર્ડમાં વાત નહીં થઈ હોય પણ આ દબાણ થઈ રહ્યું છે. હવે કોંગ્રેસ મોદીના મોદી કેજી ચાલીસા કરશે અને આ મુદ્દાને સંસદ, ચોમાસુ સત્ર વગેરે સમયે ઉઠાવશે. નરેન્દ્ર મોદીને આ બાબતનો જવાબ આપવો પડશે. ઉપરાંત કોંગ્રેસ દ્વારા જીએસપીસી કૌભાંડની તપાસ સીટીગ સુપ્રિમના જજની નજર હેઠળ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

### ઐતિહાસિક ગરમી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈતિહાસમાં પ્રથમવાર ગરમીનો પારો ૪૭ ડી ગ્રી સુધી પહોંચ્યો હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના લીધે બુધવારે શહેરીજનાએ જાણે ધગધગતી આગમાં લપેટાઈ ગયા હોય તેવી આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. સવાર થતા જ આકાશમાંથી અંગારા વરસતા ગરમીએ પરચો આપવાનુ શરૂ કરી દિધુ હતુ. ધગધગતી બપોરે ઘરની બહાર નિકળવાનુ આફત સમાન હોવાનો અનુભવ નગરજનોએ કર્યો હતો. હીટવેવની અસરથી બચવા માટે નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. સરકારી કચેરીઓમાં પણ ગરમીના લીધે બપોરના સમયે પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી. જ્યારે શહેરના શોપિંગ બજારમાં પણ બપોરના સમયે દુકાનો બંધ રહી હતી. શહેરના માર્ગો પર આખી બપોર નહીંવત વાહન વ્યવ્હાર જોવા મળ્યો હતો. શહેરના મુખ્યમાર્ગો અને સેકટરોની શેરીઓમાં સુનકાર જોવા મળ્યો હતો. ગરમીથી બચવા માટે નગરમાં ઠંડી છાશ તેમજ મિનરલ પાણીની પરબ પણ વટેમાર્ગુઓ માટે શરૂ કરી દેવામાં આવી છે. નગર ઐતિહાસિક ગરમીની આહોશમાં જપડાતા શહેરમાં શ્રમિક વર્ગની હાલત પણ કફોડી બની છે. ખુલ્લામાં રહીને પેટીયુ રળવા માટે મજુરી કરતા શ્રમિકો હરિયાળી છાંયના સહારે ગરમીથી બચવા માટે મથી રહયા છે. જ્યારે કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા મજુરોની હાલત પણ કફોડી બની છે. અબોલ પશુ પંખીઓ પણ આગ ઓકતી ગરમીથી રક્ષણ મેળવવા માટે હરિયાળી વૃક્ષોની બખોલમાં આશરો શોધી રહયા છે. શહેરમાં પાંચ દાયકા દરમિયાન ગરમીનો આટલો ઉગ્ર મિજાજ ક્યારેય જોવા ન મળ્યો હોવાનુ પણ પ્રબુધ્ધ નાગરિકો જણાંવી રહયા છે. અંગારા વરસાવતી ગરમીની મોસમ નગરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. લઘુત્તમ તાપમાન ગઈકાલ જેટલુજ ૩૧ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપામાન વચ્ચે ૧૬ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. ઢળતી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમીનુ જોર યથાવત રહેતા નગરજનો ગરમીથી ગુંગળામણ અનુભવી રહયા છે. સિનિયર સિટીઝન્સ અને બાળકો ગરમીથી વધુ બેચેની અનુભવી રહયા છે. હીટવેવથી બચવા માટે તબીબી સુત્રોએ નગરજનોને ઘરની બહાર ન નિકળવુ સલાહભર્યુ હોવાનુ જણાંવ્યુ છે.

# બાયડ નગરમાં વર્ષો જુની પ્રાથમિક શાળા મામલે સફાળુ તંત્ર આખરે જાગ્યું

બાયડ, તા. ૧૮

બાયડ નગરમાં વર્ષો જુની પ્રાથમિક શાળા મામલે સફાળુ તંત્ર આખરે ગાંધીનગર સમાચાર પત્રમાં સમાચાર પ્રસિદ્ધ થતાં તંત્ર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવ્યું હતું.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે ટેલીફોનીક વાતચીત તેમને જણાવ્યું કે તા. ૧૬-૫-૨૦૧૬ના બપોરે ૪.૦૦ કલાકે સ્થળ તપાસ કરાવવા માટે ગયા હતા. આજુબાજુના રહીશો દ્વારા જાણવા મળ્યું કે પ્રાથમિક શાળા આશરે ૪૦ થી ૪૫ વર્ષ પહેલા ચાલુ હતી. તે પછી આશરે ૧૦ વર્ષથી ખંડર હાલતમાં હોય અને જાહેર શૌચાલય બનાવી દીધેલ હોય તેવી દૈનિય હાલત જોવા મળી હતી. પ્રાથમિક શાળાની જગ્યા સરકારી છે કે પ્રાઈવેટ માલિકીની એ વિગતો હજુ અમને મળી નથી. તેના માટે હજુ આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવે છે.

આ મામલે જિલ્લા કલેક્ટર, સબડીવીઝન કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી અને બાયડ મામલતદાર હજુ સ્થળ તપાસ કરે તો માલુમ પડે કે આ જગ્યા સરકારી છે કે પ્રાઈવેટ. આ જગ્યા ઉપર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની માંગો બનાવવાની ઉઠી છે.

# મોડાસામાં ફરિયાદ નિવારણની બેઠક યોજાશે

મોડાસા, તા. ૧૮

મોડાસા સ્થિત કલેક્ટર કચેરી ખાતે આગામી ૨૬મી મે ના રોજ ફરિયાદ નિવારણની બેઠક યોજાશે. આ બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત લોકોના પ્રશ્નોનો ઝડપી અને સરળતાથી નિકાલ થાય તે માટે દર માસના ચોથા બુધવારે તાલુકા સ્વાગત કાર્યક્રમ અને ચોથા ગુરૂવારે જિલ્લામાં ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેથી જાહેર જનતાને તેઓના પ્રશ્ના, અરજીઓ (નોકરીયાતોના તથા કોર્ટમાં ચાલતા પ્રશ્નો સિવાય) દર માસની ૧૦મી તારીખ સુધીમાં મળી રહે તે રીતે કલેક્ટર કચેરી, અરવલ્લી, મોડાસા મુકામે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાની રહેશે. અરજી ઉપર સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અરજી એમ અવશ્ય લખવું અને એક અરજીમાં એક જ પ્રશ્ન દર્શાવવો તથા અરજીમાં ટેલિફોન નંબર, સંપર્ક નંબર અચુક દર્શાવવો. સરકારશ્રીની સુચના મુજબ માહે. માર્ચ-૨૦૧૬નો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૬-૫-૨૦૧૬ના ગુરૂવારના રોજ ૧૧.૦૦ કલાકે કલેક્ટર કચેરી, સભાખંડ મોડાસા ખાતે યોજાશે. વધુમાં આ અંગેનો તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫-૫-૨૦૧૬ને બુધવારના રોજ ૧૧.૦૦ કલાકે સંબંધિત મામલતદાર કચેરીએ રાખવામાં ઐવેલ છે. તો તાલુકા કક્ષાની અરજીઓ સંબંધિત મામલતદારને મોકલી આપવા જણાવવામાં આવે છે.

### ખુલ્લા મેદાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં આવેલુ છે જ્યાં નજીકમાં ક્યાંય સમુદ્ર નથી. જેના કારણે રાત્રીના સમયે પણ અહીં ઠંડા પવનો ફુંકાતા નથી. વળી અહીં ખુલ્લા મેદાનો અને વિશાળ માર્ગો ખુબ વધુ સંખ્યામાં છે. જે આકરા તડકામાં ખુબ તપે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અહીંના વૃક્ષોની સંખ્યા ઓછી થઈ ગઈ હોવાથી ગરમી વધતી જાય છે. વળી છેલ્લા બે-ત્રણ વર્ષોથી વરસાદ ઓછો પડ્યો હોવાથી જમીનનો ભેજ સાવ ઉડી ગયો છે. જેના કારણે આ વર્ષે તાપમાન ઉંચુ નોંધાયું છે. આથી ગરમીની બાબતે કંડલા પોર્ટ બાદ ગાંધીનગર ગુજરાતનુ બીજા ક્રમનું હોટેસ્ટ સીટી બન્યું છે.

### મતગણતરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આસામમાં ભાજપની ગઠબંધન સરકાર બનવાના દર્શાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીની શાનદાર વાપસી થશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. આસામમાં છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસની સરકાર છે. આવી સ્થિતીમાં આસામમાં કોંગ્રેસની સરકાર બચી જશે કે જશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી છે.એગ્ઝિટ પોલ મુજબ આસામમાં ભાજપની સરકાર બનશે તો પૂર્વોત્તરમાં ભાજપની પ્રથમ સરકાર બનશે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપે આસામ ગણપરિષદ અને બોડો પિપલ્સ ફ્રન્ટ સાથે જોડાણ કર્યું હતું. નિષ્ણાતોના કહેવા મુજબ

ગઠબંધન તુટવાના લીધે કોંગ્રેસને નુકસાન થઈ શકે છે. એક્ઝિટ પોલના પરિણામ દર્શાવે છે કે આસામમાં ભાજપ ગઠબંધનને બહુમતિ મળી શકે છે. આસામ માટે ટાઈમ્સ નાઉ-સીવોટરના અંદાજમાં આ ગઠબંધનને ૬૧ બેઠકો અને કોંગ્રેસને ૪૫ બેઠકો મળી શકે છે. એબીપી ન્યુઝના કહેવા મુજબ આસામમાં ભાજપ ગઠબંધનને ૧૨૬માંથી ૮૧ બેઠક મળી શકે છે જ્યારે કોંગ્રેસને ૩૩ બેઠકો મળી શકે છે. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં પણ આસામમાં કોંગ્રેસને ૨૬-૩૩ સીટો અને ભાજપને ૭૯-૯૩ બેઠકો મળી શકે છે. પુડુચેરીમાં કોંગ્રેસ ગઠબંધનને ૧૪, એઆઈએનઆરસીને નવ બેઠકો મળી શકે છે. તમિળનાડુમાં જોરદાર સ્પર્ધા દેખાઈ રહી છે. અહીં ડીએમકેની વાપસી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં જયલલિતાના અન્નાદ્રમુકને ૮૯-૧૦૧ બેઠકો અને ડીએમકેને ૧૨૪-૧૪૦ બેઠકો મળી શકે છે. ભાજપને ત્રણ બેઠકો મળી શકે છે. ન્યુઝ નેશનના એક્ઝિટ પોલમાં તમિળનાડુમાં ડીએમકે ગઠબંધનની સરકાર બની શકે છે. આસામમાં ૨૦૧૧માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૭૮ અને ભાજપને પાંચ બેઠકો મળી હતી. આ રાજ્યોમાં પરિણામ ઉપર તમામની નજર રહેશે. કેરળના એક્ઝિટ પોલમાં એલડીએફને ૭૮ અને યુડીએફને ૫૮ બેઠકો મળી શકે છે. તમામ પાંચેય રાજ્યોમાં આ વખતે રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ તમામ રાજકીય પક્ષો હાલમાં ભારે ખુશ છે. ઉંચુ મતદાન કોની તરફેણમાં જશે તેને લઈને ચર્ચા ચાલી રહી છે. ૧૬મી મેના દિવસે તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂટંણી માટે ઉંચુ મતદાન નોંધાયું હતું. તમિળનાડુમાં ૬૯.૧૯, પુડુચેરીમાં ૮૨ અને કેરળમાં ૭૧ ટકાથી વધુ મતદાન થયુંહતું. આની સાથે જ ચૂંટણી પ્રક્રિયા પરિપૂર્ણ થઈ હતી. તમિળનાડુમાં જયલલિતા, પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી અને આસામમાં તરૂણ ગોગોઈની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ છે. આસામ અને બંગાળમાં એકથી વધારે તબક્કામાં મતદાની કવાયત ચાલી હતી.